# શહેરીકરણની આંધળી દોટમાં અટવાતાં વન્ય પ્રાણી : હિંમતનગરની સોસાયટીમાં શિયાળ ઘૂસ્યું, કૂતરાંના હુમલાથી ઘાયલ





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

હિંમતનગરના બેરણા રોડની ગાયત્રીધામ સોસાયટીમાં ગુરૂવાર સવારે શિયાળ ઘૂસી આવતાં રહીશોમાં ઉત્તેજના છવાઈ હતી. ખોરાક-પાણીની શોધમાં વન્ય પ્રાણી માનવ વસતીમાં ઘૂસ્યું તો ખરૂ પરંતુ કૂતરાંનું ટોળું પાછળ પડતાં હુમલામાં ઘાયલ થયું અને લોહીલુહાણ હાલતમાં વાહન નીચે સંતાયું હતું. સોસાયટીમાં શિયાળ આવ્યાની વાત વાયુવેગે પ્રસરી જતાં સોસાયટીના અન્ય રહીશો પણ ટોળે વળ્યા હતા. જો કે ચાલાક શિયાળ ગણતરીના સમયમાં ખેતર તરફ રવાના થઈ ગયું પરંતુ સોસાયટી વિસ્તારોમાં દિવસભર શિયાળ આવ્યાની બાબત ચર્ચામાં અગ્રસ્થાને રહી છે.

જિલ્લાના શહેરી વિસ્તારોનો કુદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે. રહેણાંક તેમજ મોટા શોપીંગ મોલના વિકાસ પાછળ પશુ-પંખી તેમજ વન્ય પ્રાણીઓનું કાયમી રહેઠાણ હવે છીનવાતાં કેટલાક વન્ય જીવોને આશરો મેળવવા માટે અહીં તહીં ભટકવાના દિવસો આવ્યા છે. હિંમતનગરના સોસાયટી વિસ્તારમાં તા.૨૪ ના રોજ વહેલી સવારે ખોરાક-પાણીની શોધમાં શિયાળ ભૂલું પડ્યું. દેખાવે શ્વાન જેવું લાગતું પરંતુ પોતાની જ્ઞાતિનું ન હોવાનું જાણી ગયેલા કેટલાક ડાગીયા કૂતરાંનું ટોળું એકાએક ભસતાં..ભસતાં એકત્ર થઈ ગયાં અને વન્ય પ્રાણી શિયાળ પાછળ બધાએ દોટ લગાવતાં ખોરાક-પાણી તો દૂર પરંતુ ચબરાક ગણાતા શિયાળનો જીવ બચાવવાનાં પણ ફાંફાં પડી ગયાં હતાં આખરે સોસાયટી વિસ્તારમાં ખાસ્સી દોડાદોડી પછી શિયાળે વાહનની નીચે આશરો લીધો. સવારના સમયે અજુગતું પ્રાણી જોવા મળતાં સોસાયટીના રહીશો એક પછી એક એકત્ર થઈ જતાં શિયાળે વાહન નીચે છૂપાઈ રહેવામાં મન બનાવી લીધું. જાગૃત નાગરિકે શિયાળને કૂતરાં મોતને ઘાટ ન ઉતારે તે માટે વન વિભાગ તેમજ જીવદયાનું કામ કરનાર ટીમને જાણ કરી હતી. આ અરસામાં જ લોકોનું ટોળું વધુ એકત્ર થાય અને પોતાના ઉપર જીવનું જોખમ વધે તેવું જણાતાં વન્ય પ્રાણી શિયાળ વીજળી વેગે ખેતરો ભણી દોડી જતાં સૌએ રાહત અનુભવી હતી.

## અરવલ્લીમાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ, ઢગલાબંધ ખેડૂતોમાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કર્યા પછી શનિવારથી ખરીદી બંધ થતાં ઢગલાબંધ ખેડૂતોમાં રોષ સામે આવ્યો છે. રજીસ્ટ્રેશન કરાવ્યા છતાં અમને મેસેજ મળ્યા નથી તેવા અનેક ખેડૂતોએ આરોપ લગાવ્યા છે. જિલ્લા પુરવઠા કચેરીનો સંપર્ક કરતાં એક તબક્કે તો કચેરીમાં આ અંગે કોઈની પાસે વિગત ન હોવાનું જાણવા મળ્યું ત્યારબાદ જણાવ્યું કે અમે બુધવારથી ખરીદી બંધ કરી છે અને આ અંગેનું બોર્ડ ખરીદી કેન્દ્ર ઉપર લગાવ્યું છે.

**રજીસ્ટ્રેશન કરાવ્યા છતાં અમને મેસેજ મળ્યા નથી : ખેડૂતોનો આરોપ**

અરવલ્લી જિલ્લામાં ઘઉંના અનેક ખરીદી કેન્દ્રો ઉપર ગોલમાલ અને તોલાટ દ્વારા ખેડૂતો પાસેથી પૈસા ખંખેરાતા હોવાની ગંભીર ફરિયાદમાં જિલ્લા પુરવઠા વિભાગે માત્ર તપાસના નામનો ગુબ્બારો ચલાવી ખેડૂતોનો આક્રોશ શાંત કર્યો પરંતુ વાસ્તવમાં તળીયા થી ટોચ સુધી બધા જ સરખા હોવાનું કેટલાક ખેડૂતોનું માનવું છે. તાઉતે વાવાઝોડાના કારણે એકાએક ઘઉંની ખરીદી મુલત્વી રહી અને ત્યાર પછી ખરીદી શરૂ થઈ તે પૂર્વે પણ અનેક ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં મેસેજ આવ્યા ન હતા અને ખેડૂતો ઘઉં વેચવા ગયા એટલે પાછા રવાના કર્યા. હવે બન્યું છે એવું કે છેલ્લે..છેલ્લે કેટલાક ખેડૂતોએ ઘઉં ટેકાના ભાવે વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું અને આજે નહીં તો કાલે ઘઉં લઈને આવવા માટે મેસેજ આવશે તેવી અપેક્ષાએ દિવસો પસાર થઈ ગયા. કેટલાક ખેડૂતો બાયડના ખરીદી કેન્દ્ર ઉપર પહોંચ્યા તો ખબર પડી કે ઘઉંની ખરીદી બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે બાયડના ખેડૂત દિનેશભાઈ સોલંકીએ ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો. જ્યારે પુરવઠા વિભાગના કર્મચારીએ અમે તો ખરીદી બંધ કર્યાનું બોર્ડ લગાવી દીધું છે તેવો જવાબ આપી છટકબારી શોધી લીધી છે.

## સાબરકાંઠા જિલ્લા કલેક્ટર ગાંભોઈ ગ્રામ પંચાયતની મુલાકાતે

ગાંભોઈ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી હિતેશ કોયાએ હિંમતનગર તાલુકાની ગાંભોઈ ગ્રામપંચાયતની મંગળવારના રોજ



મુલાકાત લીધી હતી. ગ્રામપંચાયતની કામગીરીનું નિરિક્ષણ કરી ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમમંત્રી તેમજ સભ્યો સાથે વિકાસના કામોની ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ ગામના તમામ લોકો કોરોનાની રસી લે તે માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંભોઈ તાલુકા સદસ્યશ્રી કુલદીપસિંહ રાઠોડ, સરપંચશ્રી બાલુસિંહ પરમાર, તલાટી કમમંત્રી કુલદીપસિંહ ભાટી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ધોધમાર વરસાદ : મોડાસા પંથકના તળાવોમાં પાણી સાથે માછલાં તણાઈ આવ્યાં, માછીમારો ઘેલમાં

### રોકટોક વગર માછીમારીની પ્રવૃત્તિ ધમધમી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગત રોજ ધોધમાર વરસાદ વરસ્યા પછી તળાવોમાં વરસાદી પાણીની આવક સાથે ઉપરવાસમાંથી માછલાં તણાઈ આવતાં માછીમારો ઘેલમાં આવી ગયા છે. ઉપરવાસમાંથી પાણી વહેતું થવાની સાથે હવે તળાવો આસપાસ જે સ્થળેથી વરસાદી પાણીની આવક થતી હોય તેવા સ્થળોએ માછીમારી પ્રવૃત્તિ કોઈપણ પ્રકારના રોકટોક વગર ધમધમી છે. સામાન્ય રીતે ચોમાસા પૂર્વે માછીમારી ઉપર રોક લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે માછીમારી ઉપર કોઈ જ રોક મૂકવામાં ન આવી હોય તેવી સ્થિતિ વરસાદના આરંભ સાથે ઠેકઠેકાણે દેખાઈ રહી છે.



જિલ્લામાં વરસાદની વહેલી પધરામણી થઈ છે. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદે ખેડૂતો અને પ્રજાને ચોંકાવી દીધા છે. જિલ્લા મથકે વરસાદની હાજરી કરતાં ગામડાઓમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં સૂકાભઠ્ઠ તળાવોમાં વરસાદી પાણીની આવક શરૂ થઈ છે. ઉપરવાસમાં પણ વરસાદ વરસ્યો હોવાના કારણે નદી, તળાવ, ચેકડેમમાં નવાં નીર જોવા મળ્યાં. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પાણીની ધીંગી આવક ગત રોજ થઈ હતી જેના કારણે તળાવોની પાણીની સપાટીમાં જરૂર વધારો થયો પરંતુ આ સાથે ગેરકાયદેસર માછીમારીની પ્રવૃત્તિએ વેગ પકડ્યું છે. મોડાસા તાલુકાના લીંભોઈ સહિતના તળાવોમાં ધોધમાર વરસાદના કારણે વરસાદી પાણીનો પ્રવાહ શરૂ થયો તેની સાથે માછલાં પણ હજારોની સંખ્યામાં તણાઈ આવ્યાં હોવાના કારણે માછીમારી કરનારા તત્વો ઘેલમાં આવી ગયા છે. માછલાં પકડવાની ઝાર સાથે જ સવાર થી સાંજ સુધી ગેરકાયદે માછીમારી થઈ રહી છે. અન્ય તળાવોમાં પણ વરસાદના આરંભ સાથે માછલાં મારનાર ટોળકી સક્રીય થઈ છે પરંતુ જવાબદાર તંત્ર મોનસૂન હોલી-ડે ઉપર હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

## બામણા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ હિન્દી વિષયના પી.એચ.ડી. થયા

ભિલોડા,તા.૨૪

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણાના પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ દ્વારા હિન્દી વિષયના પી.એચ.ડી. માટે સંશોધન માર્ગદર્શિકા (પી.એચ.ડી.,ગાઈડ) તરીકે માન્યતા મળેલ હોય સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, પ્રમુખ દિનેશભાઈ ભટ્ટ,મંત્રી જગદીશભાઈ જોષી,ઈશ્વરભાઈ પંડ્યા,હોદ્દેદારો,કારોબારી સભ્યો, કોલેજ, શાળા સહિત છાત્રાલય પરીવાર ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. બામણા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલને ઉજ્જવળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવી હતી.



## બાયડ તાલુકા પંચાયત કચેરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બાયડ : બાયડ તાલુકા પંચાયત પરીસરમાં વ્રજવેદાંશી ચેરીટેબલ ટ્રસ્ટ-રડોદરા દ્વારા લાયન્સ-લીઓ કલબ, બાયડના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તાલુકા વિકાસ અધિકારી ક્રિષ્ણાબેન ઉપાધ્યાયના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. એક સપ્તાહમાં ઘર દીઠ ૧૫૦૦ થી વધુ રોપા ટ્રસ્ટના સભ્યો દ્વારા નિઃશુલ્ક રોપવામાં આવ્યા હતા. બાયડ તાલુકાની ૧૦ થી વધારે ગ્રામ પંચાયતોમાં ગૌચર, પંચવટી, ગામતળાવ, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી અને પ્રાથમિક શાળા તેમજ સ્મશાન ગૃહમાં યોગ્ય જગ્યાએ વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયા અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ વૃક્ષો વાવ્યાનો ટ્રસ્ટ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. બાયડમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ટી.ડી.ઓ. તેમજ હિસાબી અધિકારી અશ્વિનભાઈ બારોટ, વ્રજવેદાંશી ટ્રસ્ટના દશરથભાઈ બારોટ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતો.

## ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા વિદ્યામંદિરમાં યોગ શિબિર યોજાઈ



ભિલોડા, તા.૨૪ ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યામંદિરમાં સાતમા વિશ્વ યોગ દિન નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ,અરવલ્લી જીલ્લા,ભિલોડા તાલુકા યોગ કોચ હિતોન્દ્રભાઈ એન. પાંચાલ દ્વારા એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરાયું હતું.સાંચાલક દામુભાઈ પી.પાટેલ,આચાર્ય રમણભાઈ કે.પટેલ,સ્ટાફ પરીવાર, યોગ ટ્રેનાર,યોગ સાધકો ઉપાસ્થિતા રહ્યા હતા. યોગ શિબિરમાં ઓમકાર,સુર્યનામસ્કાર, પ્રાણાયામ, આસાનો અનો યોગ ઉપાર આધ્યાત્મિક પ્રવચન કરાયું હતું.ઘરે - ઘરે યોગ પાહોંચે,યોગ ધ્વારા સ્વચ્છ, નિરોગી અનો વ્યસાન મુકત લોકો બાનો તોવો સાંકલ્પા લેવડાવ્યો હતો.

## ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### ધનસુરા ભાજપા સંગઠન દ્વારા કાર્યક્રમ યોજાયો



ધનસુરા, તા. ૨૪

ડૉક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો ધનસુરા ભાજપા સંગઠન દ્વારા કાર્યક્રમ યોજાયો હતો પોયડા ખાતે ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી ને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમમાં ધનસુરા તાલુકા ના પ્રમુખ જે.પી.ગોર,મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ,અરવલ્લી જીલ્લા ભાજપ કોષાધ્યક્ષ નિશાંત પટેલ, તાલુકા પંચાયત ના પૂર્વ ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, ધનસુરા તાલુકા પંચાયતના સભ્ય હિમતસિંહ,આનંદ પટેલ મહામંત્રી યુવામોરચા ધનસુરા તાલુકા,ખાતુભાઈ,પૂર્વ યુવામોરચા ના જયેશભાઈ,દશરથસિંહ તેમજ સર્વે કાર્યકરો હાજર રહ્યા હતા.

## ધનસુરા APMCમાં ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ

### ચેરમેન તરીકે પટેલ ભોગીભાઈ અને વાઈસ ચેરમેન તરીકે જીગ્નેશભાઈ પટેલની વરણી



ધનસુરા, તા. ૨૪

ધનસુરા APMC માં ચેરમેન વાઈસચેરમેન ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન વાઈસચેરમેન ની બિન હરીફ વરણી કરવામાં આવી હતી ચેરમેન તરીકે પટેલ ભોગીલાલ મણીભાઈ અને વાઈસ ચેરમેન તરીકે ધનસુરા ના ડેપ્યુટી સરપંચ જિગ્નેશભાઈ સુરેશભાઈ પટેલ ની વરણી કરવામાં આવી હતી ધનસુરા APMC ખાતે યોજાયેલ ચૂંટણી માં APMC ના ચૂંટાયેલ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા મોડાસા સ્ન્છ રાજેન્દ્રસિંહ ઠાકોર(ડીરેક્ટર ધનસુરા APMC), જગદીશભાઈ પટેલ(ડીરેક્ટર ધનસુરા APMC),સચિનભાઈ પટેલ(ડીરેક્ટર ધનસુરા છઁસ્ઝ) ચૂંટણી અધિકારી, **APMC**ના સેક્રેટરી રવિન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા એ.પી. અસારી ચૂંટણી અધિકારી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ધનસુરા અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળઓ અરવલ્લી એ ચેરમેન અને વાઈસ ચેરમેન ને બિન હરિફ ચૂંટાયેલ જાહેર કર્યા હતા.

## ભિલોડા અંતિમ ધામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે ચોમાસાની સિઝન દરમ્યાન વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.જન કલ્યાણ યુવા મોરચો,ભિલોડા સહિત સેવાભાવી કાર્યકરો ધ્વારા અંતિમ ધામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.રાજકીય,સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વધુ વૃક્ષ વાવો,વધુ વરસાદ લાવોના સુત્રને સાર્થક કર્યુ હતું.જન કલ્યાણ યુવા મોરચોના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ચોમાસા દરમ્યાન ભિલોડામાં ઠેર-ઠેર વૃક્ષોના રોપા વાવવાનો સંકલ્પ લીધો છે.

## અવસાન નોંધ



બાયડ : બાયડના પાર્થ અરોરા (પૂર્વ પ્રમુખ : લીઓ કલબ-બાયડ)ના પિતા કલ્યાણ ભાઈ(કાલુભાઈ) મનોહરભાઈ અરોરાનું દુઃખદ નિધન થયેલ છે.

## જન્મદિને વધામણી



રાજવીરસિંહ મહાવીરસિંહ ઝાલા
ગાબટ, તા.બાયડ



સહજ પ્રતિકકુમાર ચૌધરી
બાયડ



નંદીત ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી



સચિન પટેલ
ગાબટ, તા.બાયડ



મનોજભાઈ એમ. પંચાલ
બાયડ(દખણેશ્વર)



શૌનક પટેલ
બાયડ, જિ. અરવલ્લી



રાજેન્દ્રભાઈ બી. શાહ
(સારસ્વત હાઈસ્કુલ-બાયડ)
(યમુનાકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**